PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

**CIN: U40102GJ2003SGC042908;**

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : **forum.pgvcl@gebmail.com**; વેબસાઈટ : **www.pgvcl.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૬/ક્વા-03/૨૦૨૩-૨૪/ ૧૯૦-૪ તારીખ : ૧૯ - ૦૧ - ૨૦૨૪

રજી. એડી. પત્ર

પ્રતિ,

મેં. નિવા ગ્રીન ઇન્ડસ્ટ્રીઝ ઇન્ડિયા પ્રા. લી.

સર્વે નં -૩૭૪પૈકીરપૈકી૧, પ્લોટ નં -3, શ્રીનાથજી ઇન્ડસ્ટ્રીયલ પાર્ક, નેશનલ હાઇવે-૨૭ ,

મું. પો. : રીબડા , તા. : ગોંડલ , જી. : રાજકોટ ,

પીન કોડ. : ૩૬૦૩૧૧

મોબાઈલ : ૯૧૫૭૧૩૦૫૭૧

વિષય : ઇલેક્ટ્રિસીટી ડ્યુટી રીફંડ મેળવવા અંગે .

સંદર્ભ: આપશ્રીની રજુઆત પત્ર નંબર : Nil, તા. ૧૨-૧૨-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૬/ક્વા-03/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, પારડી.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૬/ક્વા-3/૨3-૨૪/ 1૧૦-૫ તા. ૧૯-૦૧-૨૦૨૪

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર-૨૬/ક્વા-3/૨3-૨૪; તા.૧૩-૧૨-૨૦૨3

| | |
|---|---|
| અરજદાર | : નિવા ગ્રીન ઇન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લીમીટેડ, ગામ: રીબડા |
| રજૂઆત કરનાર | : અરજદારના પ્રતિનિધિ તરીકે શ્રી પરેશભાઈ બી સપોવાડીયા, સંજયભાઈ કે. સવસાણી |

:: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ ગ્રામ્ય |
| રજૂઆત કરનાર | : શ્રી કે.એચ.બક્ષી, કાર્યપાલક ઈજનેર તથા આર.કે.પંડ્યા અધિક્ષક હિસાબનીશ (રેવ). પી.જી.વી.સી.એલ.,ગ્રામ્ય વિભાગીય કચેરી-રાજકોટ |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

:: કોરમ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી. મકવાણા |
| ૨) સભ્ય (ટેકનીકલ) | - શ્રી પી.જે.મહેતા |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : તા.૦૪.૦૧.૨૦૨૪ (ગુરૂવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૪.૦૧.૨૦૨૪ (ગુરૂવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર મેં. નિવા ગ્રીન ઇન્ડસ્ટ્રીઝ ઇન્ડિયા પ્રા.લી. ગ્રાહક નં.૬૧૯૨૯/૦૧૭૦૭/3 થી પારડી પેટાવિભાગીય કચેરી હેઠળ ૧૦૦ કી.વો.નું એલ.ટી.એમ.ડી. વીજજોડાણ ધરાવે છે. સદર કનેકશન લેવા સમયે અરજદાર દ્વારા હેતુ ઉત્પાદક દર્શાવેલ છે. પરંતુ જે તે અધિકારી દ્વારા સોફ્ટવેરમાં કોમર્શિયલ દર્શાવેલ તેના કારણસર અરજદારને બીલમાં ૨૦% ઈ.ડી. લાગેલ છે. તા.૧૬.૦૯.૨૦૨3 ની આગળના બીલમાં ૨૦% લેખે ઈ.ડી. વસુલેલ છે તેની અરજી સંલગ્ન કચેરી ખાતે કરેલ પરંતુ કોઈ કાર્યવાહી ન થતા તા.૧૦.૧૦.૨૦૨3 ના ફરીથી ફરિયાદ દાખલ કરેલ, તેમ છતાં ફરિયાદનું નિરાકરણ ન થતા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

૨.૧ વધુમાં અરજદાર દ્વારા તા.૧૩.૦૭.૨૦૨૩ ના રોજ ઇન્સ્યુલેટર બદલવા માટે સબંધક પેટાવિભાગીય કચેરીમાં અરજી કરેલ છે પરંતુ સદર બાબતે પણ કોઈ કાર્યવાહી ન થતા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકારની લેખિત રજૂઆત પત્ર નં-૧૯૧ તા.૦૨.૦૧.૨૦૨૪ મુજબ ફરિયાદી અરજદાર નીવા ગ્રીન ઇન્ડસ્ટ્રીઝ ના નામે ગ્રાહક નં ૬૧૯૨૯૦૧૭૦૭૩ થી **LTMD** ટેરીફ હેઠળ ૧૦૦ કી.વો.નું વીજજોડાણ તા.૦૭.૦૧.૨૦૨૩ થી રીલીઝ કરેલ છે.

૩.૧ અરજદાર દ્વારા તા.૧૮.૯.૨૦૨૩ થી ઈનવર્ડ નં ૩૧૮૨ થી ઇડીની અરજી આપેલી હતી જે અન્વયે ગ્રાહકનું **A1** ફોર્મ ચકાસણી કરતા તા.૧૮.૦૯.૨૦૨૩ ના રોજ ઇડી ૨૦% માંથી ૧૦% કરી આપેલ છે. જે ગ્રાહકના સપ્ટે-૨૩ ના બીલ થી જ લાગુ થઈ ગયેલ છે.

૩.૨ અરજદાર ગ્રાહક દ્વારા ઇડી રીફંડ માંગવામાં આવેલ છે તે અનુસંધાને જણાવેલ વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરીના પત્ર નં ૨૮૮૮૩/૩.૧૨.૧૯ મુજબ, આવા કિસ્સામાં પાછલુ ઇડી રીફંડ વીજવિતરણ પરવાનેદાર દ્વારા આપી શકાતું નથી.

૩.૩ ઉપરોક્ત બાબતે જે તે સમયે ફાઈલમાં ઉદ્યોગનો આધાર જોડેલ ન હોવાથી લેજર ક્લાર્ક દ્વારા ૨૦% ઇડી આકારેલ હતી આ બાબતે લેજર ક્લાર્કને સ્પષ્ટ સુચના આપેલી છે કે **A1** માં જે હેતુ લખેલ હોય એજ પ્રમાણે ઇડી નિયમ મુજબ જ લેવી, અને સદરહુ બાબતે ચેતવણી પત્ર પણ આપેલ છે

૩.૪ ગ્રાહકની જે ટ્રાન્સફોર્મરના ડિયોના ઇન્સ્યુલેટર બદલવાની જે અરજી છે તે કામ હવેના મંગળવારે એટલેકે તા.૦૨/૦૧/૨૦૨૪ ના રોજ હાથ ધરવામાં આવશે. ત્યારબાદ સદર કામગીરી પૂર્ણ થયેલ છે તે બાબતે પારડી પેટાવીભાગીય કચેરીના દ્વારા કરેલ ઈ-મેલ તા.૦૩.૦૧.૨૪ ની નકલ અત્રેના ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## ::હુકમ::

૪.૦ અરજદારે તથા સામાવાળાની લેખિત રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર મેં. નિવા ગ્રીન ઇન્ડસ્ટ્રીઝ ઇન્ડિયા પ્રા. લી. ગ્રાહક નં.૬૧૯૨૯/૦૧૭૦૭/૩ થી પારડી પેટાવિભાગીય કચેરી હેઠળ ૧૦૦ કી.વો.નું એલ.ટી.એમ.ડી. વીજજોડાણ ધરાવે છે.

૪.૨ સદર ફરિયાદી અરજદારની રજુઆત મુજબ સદર વીજજોડાણનો હેતુ ઉત્પાદનનો હોવાથી વીજકર ૨૦% ને બદલે ૧૦% વસુલવા પારડી પેટાવીભાગીય કચેરી ખાતે તા.૧૬.૦૯.૨૩,૧૦.૧૦.૨૩ ના રોજ અરજી કરેલ છે. અને તા.૧૩.૦૭.૨૩ ના રોજ સદર વીજજોડાણના ટ્રાન્સફોર્મરના ડી.ઓ. ના ઇન્સુલેટર જુના અને પ્રોપર ફીટીગ ન હોવાને કારણે વારંવાર વિજ વિક્ષેપ આવતો હોવાથી તા.૧૩.૦૭.૨૩ ના રોજ પારડી પેટાવીભાગીય કચેરીમાં રજુઆત કરેલ પરંતુ સદર બાબતોએ કોઈ કાર્યવાહી ન થતા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે.

૪.૩ ફરિયાદી અરજદારની રજુઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકારની લેખિત રજુઆત મુજબ અરજદારની અરજી તા.૧૬.૦૯.૨૩ પીજીવીસીએલની પારડી પેટાવિભાગીય કચેરીમાં તા.૧૮.૦૯.૨૩ ના ઇનવર્ડ ૩૧૮૨ થી કરવામાં આવેલ છે જે અનુસંધાને સદર ગ્રાહકના એ-૧ ફોર્મ ચકાસણી કરતા ફાઈલમાં ઉદ્યોગનો આધાર જોડેલ ન હોવાથી ૨૦% ઈ.ડી. જવાબદાર કર્મચારી દ્વારા કરેલ હતી જે અરજદારની સદર અરજી અનુસંધાને વીજકર ૨૦% માંથી ૧૦% કરી આપેલ છે જે વીજબીલ સપ્ટેમ્બર-૨૩ થી લાગુ

કરી આપેલ છે જયારે અરજદારની વીજકર રીફંડ બાબતે વીજશુલ્ક સમાહર્તા કચેરીના પત્ર નં.૨૮૮૮૩ તા.૦૩.૧૨.૧૯ મુજબ પાછલું રીફડ આપી શકાતું ન હોવાથી સદર રજુઆત ગ્રાહક રાખેલ નથી. વધુમાં અરજદારની વીજવિક્ષેપની રજુઆત અન્વયે અરજદારના વીજજોડાણને લાગુ પડતા ટ્રાન્સફોર્મરના ડ્રોપ આઉટ ફયુઝના ઇન્સ્યુલેટર તા.૦૨.૦૧.૨૪ ના રોજ બદલાવેલ છે.

૪.૪ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા પ્રકાશિત ટેરીફ હુકમ અન્વયે વીજબિલના વિવિધ ઘટકોની વસૂલાત માટેના દર જે તે વર્ષ માટે નક્કી કરવામાં આવે છે. ફિક્સ ચાર્જ, એનર્જી ચાર્જ, ડિમાન્ડ ચાર્જ, ફયુઅલ ચાર્જ એડજસ્ટમેન્ટ વગેરે. સદર વીજબિલમાં ઘટકોના દર નક્કી કરવાની સત્તા ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ પાસે વીજળી અધિનિયમ-૨૦૦૩ ની રૂએ છે જ્યારે વિદ્યુતશુલ્કના દર નક્કી કરવાની સત્તા ગુજરાત સરકારશ્રીની વિદ્યુતશુલ્ક સમાહર્તાની કચેરી પાસે હોય છે. જે Electricity Duty Act અંતર્ગત નક્કી કરવામાં આવે છે. ગુજરાત સરકાર વતી સદર વિદ્યુત શુલ્કની રકમ ડિસ્ટ્રીબ્યુશન લાયસન્સી દ્વારા ગ્રાહકો પાસેથી વીજ વપરાશના બિલમાં દર્શાવી વસૂલ કરીને સરકારશ્રીને જમા કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૨૦૦૩ ના વીજળી અધિનયમ (૨૦૦૩ નો ૩૬ મો) ની કલમ-૪૨ ની પેટા કલમો ૦૫ થી ૦૭ માં સોપાયેલ સતાની રૂએ નામદાર વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા ગ્રાહકોની ફરિયાદોના નિવારણ માટે રાજ્યમાં ફોરમની સ્થાપના કરવા વિતરણ પરવાનેદારોને અને આયોગ દ્વારા લોકપાલની નિમણુક માટે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ વિનિયમો-૨૦૧૯ મુજબ ગ્રાહકોની ફરિયાદોની પતાવટ માટેની સમયમર્યાદા કાર્યપદ્ધતિ અને તેને લગતી આનુષાગિક અને ગૌણ બાબતો આવરેલ છે.

૪.૫ ઉપરોક્ત મુદા નં.૪.૩ અન્વયે અરજદારની રજુઆત મુજબ વીજબિલમાં વિજકર ફેબ્રુઆરી-૨૩ થી ઓગસ્ટ-૨૩ દરમિયાન ૨૦% માંથી ૧૦% કરવા રજુઆત કરેલ છે પરંતુ વીજશુલ્ક સમાહર્તા કચેરીના પત્ર તા.૧૩.૧૨.૧૯ મુજબ પાછલું રીફંડ આપી શકાતું નથી પરતું અરજદારની વીજકર અંગે સદર રજુઆત પીજીવીસીએલ પક્ષકારને તા.૧૮.૦૯.૨૩ ના રોજ મળેલ છે જેથી સપ્ટેમ્બર-૨૩ ના બિલથી વીજકર ૧૦% કરી આપેલ છે, જે નિયમાંધીન યોગ્ય હોય ઉપરોક્ત મુદા નં. ૪.૪ મુજબ અરજદારની વીજકર રીફંડ મેળવવા અંગેની રજૂઆત ફોરમ અને લોકપાલ વિનિયમો-૨૦૧૯ ના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ થતી ન હોવાથી અરજદારની સદર રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

અરજદારની વીજસમારકામની રજુઆત તા.૧૩.૦૭.૨૩ ના રોજ પારડી પેટાવીભાગીય કચેરીને મળેલ હોવા છતાં સદર કામગીરી તા.૦૨.૦૧.૨૪ ના રોજ વિલંબિત પૂર્ણ કરેલ છે, જે બાબત ગંભીર હોય વીજગ્રાહકોને વીજપુરવઠો ગુણવત્તાસભર મળી રહે તે માટે સમયાંતરે જરૂરી વીજસમારકામ તેમજ સદર પ્રકારની ફરિયાદ મળે ત્યારે વીજસમારકામ માટે આગવું આયોજન કરી સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ થાય તે બાબતે ભવિષ્યમાં યોગ્ય કાર્યવાહી કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

Joshi Nitinkumar

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (પી.જે.મહેતા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯

જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય. તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧. ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot